Judgment

દાખલ તારીખ – ૧૩/૧૦/૨૦૦૮

રજી.નોધ્યા તારીખ – ૧૩/૧૦/૨૦૦૮

ચુકાદો જાહેર થયા તારીખ – ૩૦/૦૯/૨૦૧૯

સમય– –વર્ષ, –માસ, –દિવસ

મહેરબાન ગાંધીનગરના ૭માં એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ, મુ.ગાંધીનગર

સ્પે.દિ. મુ. નંબર–૨૯૮/૨૦૦૮

આંક–

વાદી– (૧) **બિહોલા બળદેવજી રામાજી**
ઉ.વ.આ. પુખ્ત,ધંધો–ખેતી
રહેવાસી– ગામઃ મગોડી,તા.જી. ગાંધીનગર

વિરુધ્ધ

પ્રતિવાદી– (૧) **પટેલ કાળીદાસ મળીલાલ,**
(૨) **પટેલ સુમનકુમાર કાંતિલાલ,**
(૩) **પટેલ શાંતાબેન તે કાંતિલાલની વિધવા,**
(૪) **પટેલ રમીલાબેન કેશાભાઇ,**
(૫) **પટેલ અંજનાબેન કેશાભાઇ,**
(૬) **પટેલ સંગીતાબેન કેશાભાઇ,**
(૭) **પટેલ અનિલભાઇ ઉર્ફે લાલાભાઇ કેશાભાઇ,**
નં.૧ થી ૭ તમામ ઉ.વ.આ. પુખ્ત,ધંધો–ખેતી/ઘરકામ,
રહેવાસી ગામઃ શાહપુર, તા.જી.ગાંધીનગર.
(૮) **લીલીભાઇ જગમાલભાઇ રબારી,**
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–વેપાર, ધર્મે–હિન્દુ,
રહે.ભુતેશ્વરી, તા.દહેગામ, જી.ગાંધીનગર

દાવો	–	**વેચાણ દસ્તાવેજ રદબાદલ ઠરાવી કરારનુ વિશિષ્ટ પાલન કરાવવા તથા કાયમી મનાઇ હુકમ મેળવવા અંગેનો દાવો.**

Judgment

વાદીપક્ષે	–	વિ.વ.શ્રી.એ.એ.ગોહીલ
પ્રતિવાદીપક્ષે	–	વિ.વ.શ્રી.એલ.એ.પટેલ અને એસ.જે.દવે.

– :: ચુકાદો ::–

(૧) વાદીઓએ હાલનો દાવો લાવી, દાવા અરજીના પેરા–૦૯ થી નીચે મુજબની દાદ માંગેલ છે,

(અ) ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે શાહપુર ગામની સીમમાં બ્લોક /સર્વે નંબરઃ૧૭૯ પૈકી ખાતા નંબરઃ૨૧૫ ની કુલ હે.આરે.ચો.મી ૦–૩૫–૨૭ પૈકીની ૨/૩ હિસ્સાની ૦–૨૩–૫૨ ચો.મી, આકાર રૂા.૧.૫૦ પૈસાના વરાડેવાળી તથા બ્લોક /સર્વે નંબરઃ૨૫૬ પૈકી ખાતા નંબરઃ૨૧૫ ની કુલ હે.આરે.ચો.મી ૦–૪૨–૫૨પૈકીની ૨/૩ હિસ્સાની ૦–૩૦–૩૫ ચો.મી, આકાર રૂા.૨.૫૦ પૈસાના વરાડેવાળી જુની શરતની ખેતીની જમીન બાબતે આ કામના પ્રતિવાદી નંબરઃ૧ થી ૩ નાએ અમો વાદીને તા.૯/૦૪/૦૮ ના રોજ કરી આપેલ બાનાખત કરાર ખરો, કાયદેસરનો તેમજ અમલી હોઇ તેનુ વિશિષ્ટ પાલન આ પ્રતિવાદી નંબરઃ૧ થી ૩ નાઓ કરે તેવુ અમો વાદીના લાભમાં પ્રતિવાદીઓ વિરુધ્ધ હુકમનામું ફરમાવશોજી.

(બ) ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે શાહપુર ગામની સીમમાં બ્લોક /સર્વે નંબરઃ૧૭૯ પૈકી ખાતા નંબરઃ૨૧૫ ની કુલ હે.આરે.ચો.મી ૦–૩૫–૨૭ પૈકીની ૨/૩ હિસ્સાની ૦–૨૩–૫૨ ચો.મી, આકાર રૂા.૧.૫૦ પૈસાના વરાડેવાળી તથા બ્લોક /સર્વે નંબરઃ૨૫૬ પૈકી ખાતા નંબરઃ૨૧૫ ની કુલ હે.આરે.ચો.મી ૦–૪૨–૫૨પૈકીની ૨/૩ હિસ્સાની ૦–૩૦–૩૫ ચો.મી, આકાર રૂા.૨.૫૦ પૈસાના વરાડેવાળી જુની શરતની ખેતીની જમીન બાબતે આ કામના પ્રતિવાદી નંબરઃ૧ થી ૩ નાઓને અમો વાદી સિવાય અન્ય કોઇપણ ઇસમને રજી.વેચાણ દસ્તાવેજ કરી આપવાનો કોઇ હકક અધિકાર નથી કે અન્ય કોઇ ઇસમ પાસેથી વેચાણ અવેજ લેવાનો હકક અધિકાર નથી તેવુ ઠરાવી આપી પ્રતિવાદી નંબરઃ૧ થી૭ નાઓએ અંદરો અંદર મેળાપીપણું કરી પ્રતિવાદી નંબરઃ૮ ની તરફેણમાં કરી આપેલ વેચાણ

Judgment

દસ્તાવેજ નોધણી નંબરઃ ૧૧૯૦૦, તા.૮/૭/૦૮ ના રોજનો ખોટો ગેરકાયદેસરનો, બિનઅમલી, રદબાતલ માત્ર કાગળ ઉપરનો ઠરાવી આપવા હુકમ કરવા મે.કરશોજી, તેમજ તે મુજબનું પ્રતિવાદીઓ વિરુધ્ધનું હુકમનામું ફરમાવશોજી.

(ક) આ દાવાની એકંદરે હકીકતો જોતાં ના.કોર્ટને બીજી યોગ્ય અને વ્યાજબી લાગે તે દાદ અપાવશોજી.

(ડ) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવશોજી.

<u>**વાદીના દાવાની વિગત**</u>

(૨) વાદીની દાવા અરજીની વિગતે, ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે શાહપુર ગામની સીમમાં બ્લોક /સર્વે નંબરઃ૧૭૯ પૈકી ખાતા નંબરઃ૨૧૫ ની કુલ હે.આરે.ચો.મી ૦–૩૫–૨૭ પૈકીની ૨/૩ હિસ્સાની ૦–૨૩–૫૨ ચો.મી, આકાર રૂા.૧.૫૦ પૈસાના વરાડેવાળી તથા બ્લોક /સર્વે નંબરઃ૨૫૬ પૈકી ખાતા નંબરઃ૨૧૫ ની કુલ હે.આરે.ચો.મી ૦–૪૨–૫૨પૈકીની ૨/૩ હિસ્સાની ૦–૩૦–૩૫ ચો.મી, આકાર રૂા.૨.૫૦ પૈસાના વરાડેવાળી જુની શરતની ખેતીની જમીન (જેને હવે પછી દાવાવાળી જમીન તરીકે સંબોધેલ છે) પ્રતિવાદી નંબરઃ૧ થી ૩ નાને કુંટુબના હિતાર્થે નાણાંકીય જરૂરીયાત હોવાથી વેચાણ કરવાનુ હોય વાદીનો સંપર્ક કરેલ અને વાદી અને પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ વેચાણ અંગેની શરતો નકકી કરી એક વિઘાના દશ લાખની વેચાણ કિમત નકકી કરી બે લાખ રૂપીયા બાનાની રકમ ચુકતે આપી બાનાખત કરાર લેખિતમાં તા.૯/૪/૨૦૦૮ ના રોજ નોટરીશ્રી એમ.એચ.બુહેચા સમક્ષ સીરીયલ નંબર ૧૦૧૯/૨૦૦૮ થી થયેલ. બાનાખતની શરતો મુજબ પ્રતિવાદી નં ૧ થી ૩ ના એ દાવાવાળી જમીનનુ ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ લાવી આપ્યેથી બાકી રહેતી તમામ વેચાણ અવેજની રકમ ચુકવી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરવાનો હતો પરંતુ પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ કોઇ ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટલ લાવી આપેલ નહી અને પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ એક યા બીજા કારણોસર સમય પસાર કરતા આવેલા. પ્રતિવાદી નં.૧ થી ૭ નાઓએ પ્રતિવાદી નં.૮ સાથે અંદરો અંદર મેળાપીપણુ કરી વાદીની કોઇપણ જાતની જાણ કે સમંતી વિના તા.૮/૭/૨૦૦૮ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૧૧૯૦૦ થી દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૮ ને વેચાણ આપેલ અને સદરહુ વેચાણ

Judgment

નોધ દાવાવાળી જમીનના રેવન્યુ રેક્ડમાં હકકપત્રક નોધ નં.૨૦૫૫ થી તા.૩/૮/૨૦૦૮ ના રોજ પડતા જેની જાણ વાદીને થતા વાદીએ ગઇ તા.૨૪/૦૮/૨૦૦૮ ના રોજ મામલદારશ્રી ગાંધીનગર સમક્ષ અરજી મોકલી આપેલ. આમ દાવાવાળી જમીન પરત્વે વાદીને બાનાખત આધારે પ્રાપ્ત હકક અધિકારોને ડુબાડવાના ઇરાદે પ્રતિવાદીઓએ એક બીજાના મેળાપીપણામાં પ્રતિવાદી નં.૧ થી ૭ નાએ પ્રતિવાદી નં.૮ ની તરફેણમાં દાવાવાળી જમીનનો ખોટો,ગેરકાયદેસરનો અને માત્ર કાગળ ઉપરનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ઉભો કરતા હાલનો આ દાવો કરવા કારણ ઉપસ્થતી થયેલ હોય દાવો કરેલ છે.

(૩) વાદીઓનો દાવો રજીસ્ટરે નોધી પ્રતિવાદીઓને દાવાનો સમન્સ કાઢતા તે પ્રતિવાદીઓને બજી જતા પ્રતિવાદી નં.૧, ૭ તરફે આંક–૩૦ થી તેમજ પ્રતિવાદી નં.–૮ નાએ આંક–૩૯ થી અને પ્રતિવાદી નં.૨,૩ નાઓએ આંક–૫૨ લેખિત જવાબ રજુ કરેલ છે.

<u>પ્રતિવાદીઓનો બચાવની વિગત</u>

(૪) પ્રતિવાદી નં.૧,૭ તેમના લેખીત જવાબમાં જણાવેલ છે કે, દાવાવાળી મિલકત પ્રતિવાદીઓએ વાદીને વેચાણ આપવાનુ નકકી કરીને બાનાખતનો કરાર કરી આપેલ અને બાનાખત કર્યા બાદ તેઓની જરૂરીયાત મુજબ વાદી પાસેથી વેચાણ અવેજની રકમ મેળવેલ હતી અને જે અંગે પહોચ વાઉચર આપેલ હતા. પ્રતિવાદી નં.૧ થી ૭નાઓએ પ્રતિવાદી નં.૮ ને દાવાવાળી જમીન વેચાણ આપેલ નથી કે તેવી જમીનનો વેચાણ અવેજ પ્રતિવાદી નં.૮ નાએ પ્રતિવાદી નં.૧ થી ૭ ને આપેલ નથી કે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ નથી. પ્રતિવાદી નં.૮ નાએ ખોટી રીતે ઠગાઇ અને વિશ્વાસઘાત કરી વેચાણ દસ્તાવેજ ઉભો કરેલ છે. વધુમાં વાદી બાનાખતની શરતો મુજબ બાકી વેચાણ અવેજની રકમ વાદી પ્રતિવાદી નં.૧ થી ૭ ને ચુકવી આપે તો દાવાવાળી મિલકત વાદીને વેચાણ આપવા તૈયાર છીએ.

(૫) પ્રતિવાદી નં.૮ નાઓએ આંક–૩૯ થી લેખીત જવાબ આપી જણાવેલ છે કે, દાવાવાળી જમીન તે પ્રતિવાદી નં.૧ થી ૭ નાઓની સંયુકત માલિકીની આવેલી હતી અને પ્રતિવાદી નં.૧ થી ૭ નાઓને સદર જમીન વેચાણ આપવાની હોઇ અને પ્રતિવાદી નં.૮ નાએ વેચાણ લેવાની હોઇ જેથી પ્રતિવાદી નં.૮ નાએ દાવાવાળી જમીનનુ રેવન્યુ રેકર્ડની ચકાસણી કરી ત્યારબાદ સબરજીસ્ટ્રાર ખાતે રેકર્ડની ચકસણી કર્યા બાદ સદર જમીનના તમામ પ્રકારે રાઇટ ટાઇટલ કલીયર

જણાતા દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧ થી ૭ નાઓએ તા.૮/૭/૨૦૦૮ ના રોજ વેચાણ દસ્તાવેજ નોધણી નં.૧૧૯૦૦ થી અઘાટ વેચાણ આપેલ છે અને તે રીતે પ્રતિવાદી નં.૮ શુધ્ધ બુધ્ધિના ખરીદનાર છીએ. હાલમાં દાવાવાળી જમીનના ભાવો વધેલ હોય વાદીની દાનત બગડેલ હોઇ ખોટી રીતે નાણાં પડાવવા બદઆશયથી ખોટા બાનાખતના ઓથા હેઠળ હાલનો દાવો કરેલ છે જેથી રદ થવા અરજ કરેલ છે.

(૬) પ્રતિવાદી નં.૨,૩ નાઓએ આંક–૫૨ થી લેખિત જવાબ રજુ કરી વાદીની દાવા અરજીની મહત્વની હકીકતોનો ઇન્કાર કરી જણાવે છે કે, દાવાવાળી જમીનનો પ્રતિવાદી નં.૧ થી ૭ ની સંયુકત માલીકીની આવેલી હતી અને આ જમીનના રેવન્યુ રેકર્ડે મૈયત કેશીબેન મણીલાલનુ નામ ચાલતુ હોઇ તેઓની વારસાઇ કરાવવાની હોવાથી તેમજ આ કામના વાદી અવાર નવાર શાહપુર મુકામે આવતા હોઇ પરીચયમાં આવતાં સદર જમીનમાં વારસાઇ કરાવવાની બાકી હોવાથી વાદીએ જણાવેલ કે, વારસાઇની કામગીરી હું મારા માણસ ધ્વારા કરાવી આપીશ તમારે સોગંદનામુ અને પેઢીનામુ કરવું પડે જેથી કલેકટર કચેરીમાં આવશો તો તૈયારીમાં કરી આપીશું અને ત્યારબાદ વારસાઇની કામગીરી ચાલુ થઇ જશે જેથી પ્રતિવાદી ૧ થી ૩ નાઓ વાદીની વાતમાં આવી ગાંધીનગર મુકામે તા૯/૪/૨૦૦૮ ના રોજ જઇ વાદીએ તૈયાર કરેલ લખાણોમાં સહીઓ કરી આપેલ. આ બાદ વાદીએ વારસાઇની કાર્યવાહી નહી કરતા પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ વાદીને વારસાઇની કામગીરી જલ્દી કરી આપવા જણાવતા વાદીઓ એકયા બીજા કારણોસર સમય પસાર કરતા આવેલ જેથી પ્રતિવાદી નં.૧ થી ૭ નાઓએ દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૮ નાને તા.૮/૭/૨૦૦૮ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં ૧૧૯૦૦ થી અઘાટ વેચાણ આપેલ છે. હાલમાં દાવાવાળી જમીનના ભાવો વધેલ હોય વાદીની દાનત બગડેલ હોઇ ખોટી રીતે નાણાં પડાવવા બદઆશયથી ખોટા બાનાખતના ઓથા હેઠળ હાલનો દાવો કરેલ છે જેથી રદ થવા અરજ કરેલ છે.

દાવાના મુદા તથા પક્ષકારો તરફે રજુ પુરાવાની વિગત

(૭) પક્ષકારોના પક્ષનિવેદની વિગતે દાવાના નિર્ણય હેતુ **આંક–૫૯** થી મુદા કાઢેલ હતા અને તે બાદ પક્ષકારો ધ્વારા મૌખિક તેમજ લેખિત પુરાવો રજુ થતા તે નોધી લીધેલ, પક્ષકારો ધ્વારા નીચે મુજબના મૌખિક તથા લેખીત પુરાવો રજુ કરવામા આવેલ છે.

Judgment

વાદીપક્ષે રજુ પુરાવાની વિગત

મૌખિકપુરાવો

ક્રમ નંબર	સાહેદનું નામ	આંક
૧	વાદી બિહોલા બળદેવજી રામાજીની જુબાની	૬૩

દસ્તાવેજીપુરાવો

ક્ર. નં	દસ્તાવેજની વિગત	આંક
૧	ડેકલેરેશન ડીડ તા.૧૨/૫/૨૦૦૯ ના રોજનુ અસલ	૭૯
૨	બ્લોક નં.૧૬૯ ના ગામ નમુના ૭/૧૨ ના ઉતારાની નકલ	૮૩
૩	ખાતા નં. ૪૪૨૮ ની ગામ નમુના ૮ અ ના ઉતારાની નકલ	૮૪
૪	બ્લોક નં.૧૭૯ ના ગામ નમુના ૭/૧૨ ના ઉતારાની નકલ	૮૫
૫	ખાતા નં.૨૧૫ ની ગામ નમુના ૮ અ ના ઉતારાની નકલ	૮૬
૬	બ્લોક નં.૨૫૬ ના ગામ નમુના ૭/૧૨ ના ઉતારાની નકલ	૮૭
૭	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૨૦૫૫ ના ઉતારાની નકલ	૮૮
૮	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૧૯૮૮ ના ઉતારાની નકલ	૮૯
૯	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૨૦૫૦ ના ઉતારાની નકલ	૯૦
૧૦	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૧૦૭ ના ઉતારાની નકલ	૯૧
૧૧	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૭૮૩ના ઉતારાની નકલ	૯૨
૧૨	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૧૧૧૩ના ઉતારાની નકલ	૯૩
૧૩	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૧૫૨૩ ના ઉતારાની નકલ	૯૪
૧૪	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૧૨૩૬ ના ઉતારાની નકલ	૯૫
૧૫	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૧૨૪૫ ના ઉતારાની નકલ	૯૬
૧૬	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૧૨૪૫ ના ઉતારાની નકલ	૯૭
૧૭	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૧૨૩૬ ના ઉતારાની નકલ	૯૮
૧૮	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૧૧૧૩ ના ઉતારાની નકલ	૯૯
૧૯	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૪૩ ના ઉતારાની નકલ	૧૦૦
૨૦	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૨૯૯ ના ઉતારાની નકલ	૧૦૧
૨૧	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૩૦૩ ના ઉતારાની નકલ	૧૦૨
૨૨	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૫૩૫ ના ઉતારાની નકલ	૧૦૩
૨૩	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૧૧૪૨ ના ઉતારાની નકલ	૧૦૪

૨૪	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૧૩૦૮ ના ઉતારાની નકલ	૧૦૫
૨૫	ગામ નમુના નં ૬ હકકપત્રક નોધ નં.૧૪૭૩ના ઉતારાની નકલ	૧૦૬
૨૬	તા ૯/૪/૦૮ના રોજનુ બાનાખત અસલ	૧૦૭
૨૭	તા ૩૧/૩/૦૮ ના રોજનુ વાઉચર નં.૧ અસલ	૧૦૮
૨૮	તા ૩૧/૩/૦૮ ના રોજનુ વાઉચર નં.૨ અસલ	૧૦૯
૨૯	તા ૩૧/૩/૦૮ ના રોજનુ વાઉચર નં.૩ અસલ	૧૧૦
૩૦	રૂા ૫ લાખની પ્રોમીસરી નોટ તા.૩૧/૩/૦૮	૧૧૧
૩૧	રૂા ૨.૫ લાખની પ્રોમીસરી નોટ તા.૨/૪/૦૮	૧૧૨
૩૨	દૈનિક પત્રમાં પ્રસિધ્ધ જાહેર નોટીસ	૧૧૩
૩૩	મામલતદાર ગાંધીનગર ના તકરારી કેસ ૫૧૩/૦૮ ના હુકમની નકલ	૧૧૪
૩૪	મામલતદાર ગાંધીનગરને આપેલ વાંધા અરજીની નકલ	૧૧૫
૩૫	પૈસા મેળવ્યાની પહોચ અસલ તા.૯/૬/૨૦૦૯	૧૧૬
૩૬	ઈરીવોકેબલ જનરલ પાવર ઓફ એર્ટની અસલ તા ૧૦/૧/૦૮	૧૧૭
૩૭	રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં૧૧૯૦૦/૦૮ ની પ્રમાણીત નકલ	૧૧૮

પ્રતિવાદીપક્ષે રજુ પુરાવાની વિગત

મૌખિકપુરાવો

ક્રમ.નં	સાહેદનુ નામ	આંક
૧	પ્રતિવાદી કાળીદાસ મણીલાલ પટેલ ની જુબાની	૭૭

દસ્તાવેજીપુરાવો

ક્ર. નં	દસ્તાવેજની વિગત	આંક
૧	તા.૮/૬/૨૦૦૯ ના રોજની ફરીયાદની નકલ	૮૦
૨	મામલતદાર ગાંધીનગરને આપેલ વાંધા અરજીની નકલ	૮૧
૩	ગામનમુના નંબર ૬ હકકપત્રકની નકલ	૮૨

(૮) ઉપરોકત પુરાવો રજુ થયા બાદ વાદીપક્ષે આંક-૬૮,૭૩ ની તથા પ્રતિવાદી પક્ષે આંક-૧૧૯ ની પુરસીશ આપી વધુ કોઇ લેખિત મૌખિક પુરાવો રજુ કરવા માંગતા નથી તેવુ જાહેર કરતા પુરાવો બંધ કરેલ ત્યાર બાદ પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલ સાંભળેલ હતી.

Judgment

(૯) આંક–૫૯ થી નિચે મુજબના મુદા કાઢેલ છે

Issues

1) Whether the plaintiff proves that the defendant 1 to 3 has executed an agreement for the sale of suit property in favour of plaintiff and plaintiff has paid part consideration of Rs. 2,00,000/- to the defendant 1 to 3 in pursuance of the suit agreement ?

2) Whether the plaintiff proves that he is entitled to get specific performance to agreement for the sale from the defendant 1 to 3 ?

3) Whether the plaintiff proves that the register Sale deed no.11900 dated 08/07/2008 executed by the defendant No.1 to 7 in favour of defendant no.8 is illegal ?

4) Whether the defendant 2&3 proves that, plaintiff had fraudulent obtained a signature of defendant 2&3 on suit agreement ?

5) Whether the plaintiff is entitle to get relief as prayed for?

6) What order and decree?

(૧૦) અદાલતના મુદ્દા અંગેના નિર્ણયો નિચે મુજબ છે.

(૧) મુદ્દા નંબર–૧ અશંત હકારમાં

(૨) મુદ્દ્રા નંબર–૨ નકારમાં

(૩) મુદા નંબર–૩ નકારમાં

(૪) મુદા નંબર–૪ નકારમાં

(૫) મુદા નંબર–૫ નકારમાં

(૬) મુદા નંબર–૬ આખરી હુકમ મુજબ

(૧૧) અદાલતના નિર્ણય અંગેના કારણોની ચર્ચા

મુદ્દા નંબર–૧ની ચર્ચા

Judgment

મુદા નં.૧ મુજબ પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ વાદીને દાવાવાળી મિલકતનો બાનાખત કરી આપી વાદીપાસેથી રૂપિયા ૨ લાખ ની રકમ બાનાપેટે સ્વીકારેલ હોવાનુ સાબીતીનો બોજો વાદીપક્ષ રહેલ છે.

(૧૨) વાદીપક્ષે રજુ પુરાવો ઘ્યાને લેતા, વાદી બળદેવજી રામાજી બિહોલા આંક-૬૩ થી સોંગદનામા સ્વરૂપે સરતપાસનો પુરાવો આપેલ છે જેમા તે દાવા અરજીની વિગતો સંપુર્ણ પણે જણાવેલ છે અને આંક-૬૨/૧ થી આંક-૬૨/૩૬ થી રજુ કરેલ દસ્તાવેજો રીફર કરી તે તમામને આંક આપવા અરજ કરતા તે તમામ દસ્તાવેજો આંક-૮૩ થી ૧૦૬ આપવામાં આવેલ છે. પ્રતિવાદીપક્ષે વાદીની ઉલટ તપાસ થયેલ નથી તેમજ ઉપરોકત રજુ દસ્તાવેજો અંગે પણ કોઇ તકરાર રજુ કરેલ નથી. વાદીપક્ષે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા બીનતકરારી રજુ થયેલ છે.

(૧૩) પ્રતિવાદી નં.૧ કાળીદાસ મણીલાલ પટેલ આંક-૭૭ થી સોગંદનામા સ્વરૂપે સરતપાસનો પુરાવો આપેલ છે જેમા તે તેમના લેખિત જવાબની વિગતોનુ સંપુર્ણ પણે જણાવેલ છે. વાદીપક્ષે થયેલ ઉલટ તપાસમાં તે એ વાતનો સ્વીકાર કરેલ છે કે દાવાવાળી જમીન તે મારી માલીકીની છે. વધુમાં તે એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે દાવાવાળી જમીનનુ બાનાખત તેઓએ વાદી બળદેવજી ને કરી આપેલ છે. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે દાવાવાળી જમીનનની ઉચ્ચક વેચાણ કિમત રૂા ૨૦ લાખ નકકી કરેલ હતી અને બાના પેટે ૨ લાખ લીધેલ હતા. એ વાત નો પણ તે સ્વીકાર કરેલ છે કે બાનાખત તા ૯/૪/૨૦૦૯ ના રોજ થયેલ હતો અને બાનાખત મુજબની બાકીની રકમ ટુકડે ટુકડે મળી ગયેલ છે. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે દાવાવાળી જમીન બાબતે તેમને અને વાદીને સમાધાન થઇ ગયેલ છે.

(૧૪) વાદીપક્ષે આંક-૧૦૭ થી બાનાખતનો કરાર અસલ રજુ છે જે ઘ્યાને લેતા સદરહુ બાનાખતના તે દાવાવાળી જમીનનો વાદી તથા પ્રતિવાદી નં.૧ થી ૩ વચ્ચે તા ૯/૪/૨૦૦૮ ના રોજ રૂા.૧૦૦ ના સ્ટેમ્પ ઉપર નોટરી પબ્લીક રૂબરૂ થયેલ છે જેમા પક્ષકારોના સહી અંગુઠા તથા ફોટા છે. આ દસ્તાવેજ અંગે કોઇ તકરાર રજુ નથી ઉપરોકત રજુ મૌખિક પુરાવાની વિગતે પ્રતિવાદી નં.૧ વાદીના દાવા કથનોને સંપુર્ણ સમર્થન કરતો પુરાવો આપેલ છે. પ્રતિવાદી નં.૧ આંક-૭૭ થી મૌખિક પુરાવામાં સદરહુ બાનાખત દસ્તાવેજની હકીકતોને સમર્થન આપતો પુરાવો આપેલ છે. વધુમાં આંક-૧૦૮ થી ૧૦૯ સુધીની રજુ વાઉચર રસીદ નં.૧, વાઉચર રસીદ નં.૨ અને વાઉચર

રસીદ નં.૩ ની વિગતે પ્રતિવાદી નં.૧,૨ નાએ વાદી પાસે થી બાનાખત અવેજની રકમ સ્વીકારેલ હોવાનુ રજુ થયેલ છે. ઉપરોકત પુરાવામાં રજુ હકીકતો વિરુધ્ધ કોઇ તથ્ય કે હકીકત રજુ નથી તમામ હકીકતો બીનતકરારી રજુ થયેલ છે જે નહી માનવાને કોઇ કારણ નથી ત્યારે ઉપરોકત પુરાવાથી વાદીપક્ષ સાબીત કરેલ છે કે, પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ વાદીને દાવાવાળી મિલકતનો બાનાખત કરી આપી વાદીપાસેથી રૂપિયા ૨ લાખ ની રકમ બાનાપેટે સ્વીકારેલ કરેલ હતો અને તે રીતે મુદા નં.૧ નો નિર્ણય હકારમાં ઠરાવવામા આવે છે.

<u>મુદ્દા નંબર–૨ની ચર્ચા</u>

(૧૫) મુદા નં.૨ મુજબ વાદી બાનાખતનુ યથાનિર્દીષ્ટ પાલન કરાવવા હકકદાર હોવાનુ સાબીતીનો બોજો વાદીપક્ષ રહેલ છે. ઉપરોકત મુદા નં.૧ ની ચર્ચા મુજબ વાદીને દાવાવાળી મિલકતનુ વેચાણ આપવા અંગેનુ પ્રતિવાદી નં.૧ થી ૩ ના એ આંક–૧૦૭ વાળુ બાનાખત કરી આપી બાના રકમ મેળવેલ હોવાનુ સાબીત થયેલ છે પરંતુ તે માત્ર થી વાદી તે બાનાખતનુ પાલન કરવા હકકદાર બને છે તેવુ માનવુ યોગ્ય નથી. વાદીની દાવા અરજીના કથનો મુજબ પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ દાવાવાળી જમીનનું વાદીને બાનાખત કરી આપ્યા બાદ પ્રતિવાદી નં.૧ થી ૭ નાએ દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૮ ગાંધીનગર સબરજીસ્ટાર ના રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં ૧૧૯૦૦ થી તારીખ ૪/૭/૨૦૦૮ ના રોજના વેચાણ કરી આપેલ. વાદીપક્ષે વેચાણ દસ્તાવેજની પ્રમાણીત નકલ આંક–૧૧૮ થી રજુ કરેલ છે. સદર હકીકત લક્ષમાં લેતા એ સ્પષ્ટ થયેલ છે કે દાવાવાળી મિલકત તે પ્રતિવાદી નં.૧ થી ૩ સિવાય અન્ય પણ સહમાલીકો હતા અને વાદીએ માત્ર પ્રતિવાદી નં.૧ થી ૩ સાથે દાવાવાળી જમીનનુ બાનાખત કરેલ છે. વાદી આંક–૬૩ થી રજુ મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, વેચાણ દસ્તાવેજ નં.૧૧૯૦૦ આધારે પ્રતિવાદી નં.૮ ના એ હકકપત્રક નોધ નં.૨૦૫૫ તા.૦૩/૮/૨૦૦૮ ના રોજ પડાવેલ જે સામે <u>અમો(વાદીએ) મામલતદારશ્રી સમક્ષ વાંધા અરજી</u> રજુ કરતા તકરારી કેસ નં. ૫૧૩/૦૮ થી તા. ૦૮/૦૩/૨૦૧૦ ના રોજ નોધ નામંજુર કરતો હુકમ કરેલ હતો. વાદીપક્ષે આંક–૧૧૪ થી મામલદાર શ્રી ગાંધીનગરના તકરારી કેસ નં. ૫૧૩/૦૮ મા થયેલ હુકમની પ્રમાણીત નકલ રજુ કરેલ છે. આંક–૧૧૪ થી રજુ હુકમની પ્રમાણીત નકલની વિગતે તે કેસના <u>વાંધદાર એટલે કે અરજદાર તે પટેલ જયંતિભાઇ પરસોતમભાઇ</u> નાઓ હતા તેમા વાદીનુ કયાય કોઇ નામ નથી એટલે કે વાદી તેમના મૌખિક પુરાવામાં તેઓએ વાંધો

લેતા નોધ રદ થયાની હકીકત જણાવેલ છે તે તદન ખોટી હોવાનુ સ્પષ્ટ થાય છે. વધુમાં આંક–૧૧૪ ના હુકમના છેલ્લા પેરા વંચાણે લેતા તેમા નિચે મુજબ જણાવેલ છે.

" રજુ થયેલ રેકર્ડની હકીકત જોઇએ તો બ્લોક નંબર ૧૭૯ પૈકી ખાતા નંબર ૨૧૫ ની ૦–૩૫–૨૭ ચો.મી અને બ્લોક નંબર ૨૫૬ ની ૦–૪૫–૫૨ ચો.મી જમીન સામાવાળા નંબર ૨ થી ૮(હાલના દાવાના પ્રતિવાદી નં.૧ થી ૭) *તથા નટુભાઇ મણીલાલ, ગીતાબેન કાન્તીભાઇ, રેખાબેન કાન્તીભાઇ ના સંયુકત નામે ચાલે છે તે પૈકી ૦–૧૯–૫૯ ચો.મી અને બ્લોક નં.૨૫૬ પૈકી ૦–૨૫–૨૮* (દાવાવાળી જમીન) *સામાવાળા નં ૨ થી ૮ નાએ* (હાલના દાવાના પ્રતિવાદી નં.૧ થી ૭) *તા ૮/૭/૦૮ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજથી સામાવાળા નંબર ૧* (હાલના દાવાના પ્રતિવાદી–૮) *વેચાણ આપેલ છે હાલ ૭/૧૨ માં કબજેદારમા ચાલતા ઇસમો પૈકી કોના હીસ્સે કેટલી જમીન આવેલ છે તે જણાવેલ નથી તકે રેકડ ઉપરથી પણ જણાઇ આવતુ નથી તેમ છતા વેચાણ દસ્તાવેજમાં તમામ કબજેદારોની સહી ઓ લેવામા આવેલ નથી કે તેઓનો કેટલો હીસ્સો આવેલ ચે તે પણ સ્પષ્ટ જણાવેલ નથી તદઉપરાંત બ્લોક નંબર ૧૭૯ પૈકી ૦–૧૯–૫૯ ચો.મી જમીન અને બ્લોક નં.બર ૨૫૬ પૈકી ૦–૨૫–૨૮ ચો.મી જમીનનું વેચાણ થયેલ છે જે વેચાણ થી ટુકડા એકત્રીકરણ કાયદાની જોગવાઇઓનો ભંગ થાય છે આ તમામ વિગતો જોતાં તકરારી નોધ રદ કરવ પાત્ર છે."*

(૧૬) ઉપરોકત આંક–૧૧૪ થી રજુ મામલતદારશ્રીના હુકમથી એ સ્પષ્ટ થયેલ છે કે, બ્લોક નંબર ૧૭૯ પૈકી ખાતા નંબર ૨૧૫ ની ૦–૩૫–૨૭ ચો.મી અને બ્લોક નંબર ૨૫૬ ની ૦–૪૫–૫૨ ચો.મી જમીન પ્રતિવાદી નં.૧ થી ૭ સીવાય અન્ય બીજા ત્રણ વ્યકતીઓ સાથે સંયુકતનામે આવેલ છે જેમા કોઇ હીસ્સા વિભાજન થયેલ નથી કે હીસ્સા નકકી થયેલ નથી અને તેથી બ્લોક નંબર ૧૭૯ પૈકી ૦–૧૯–૫૯ ચો.મી જમીન અને બ્લોક નંબર ૨૫૬ પૈકી ૦–૨૫–૨૮ ચો.મી જમીન(દાવાવાળી જમીન)નું પ્રતિવાદી નં.૧ થી ૭ દ્વારા વેચાણ થયેલ છે તે અન્ય સહખાતેદારોની સંમતી વગરનુ હોવાથી વેચાણ નોધ આધારે દાખલ હકકપત્રક નોધ નં.૨૦૫૫ રદ થયેલ. વાદીપક્ષે રજુ આંક–૮૩ થી ૮૭ ના દસ્તાવેજ તે દાવાવાળી જમીનનુ રેવન્યુ રેકડ ગામ નમુના નંબર ૭/૧૨ તથા ૮ અ ના ઉતારાની પ્રમાણીત નકલો ધ્યાને લેતા બ્લોક નંબર ૧૭૯ ની જમીનમાં ૧ થી ૧૩ ઇસમોને સંયુકત નામે ચાલે છે જયારે કે બ્લોક નંબર ૨૫૬ ની જમીનમાં ૧ થી ૯ ઇસમોને સંયુકત નામે ચાલે છે. બ્લોક નં.૧૭૯ તથા બ્લોક નં.૨૫૬ પૈકીની દાવાવાળી મિલકત તે પ્રતિવાદી નં.૧ થી ૩ ના હીસ્સે આવેલ હોય તેવુ કયાય રજુ નથી. વધુમાં બાનાખતમાં જણાવેલ વિગતે બાનાખતવાળી મિલકત પ્રતિવાદી નં.૧ થી ૩ ના હિસ્સે પ્રાપ્ત થયેલ હોય કે તે પ્રતિવાદીઓને

મળવા નિશ્ચીત હોય તેવુ પણ કયાંય રજુ નથી. આંક–૧૦૭ વાળુ દાવાવાળી મિલકતનુ બાનાખત પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ વાદીને કરી આપેલ છે જે બાનાખતમાં દાવાવાળી મિલકતના અન્ય સંયુકત ખાતેદારો પક્ષકાર નથી.

(૧૭) આમ ઉપરોકત પુરાવાની ચર્ચા મુજબ દાવાવાળી મિલકત કે જે બ્લોક નં. ૧૭૯ અને બ્લોક નં.૨૫૬ પૈકીની છે અને સદરહુ બ્લોક નંબરની જમીનો તે પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ અન્ય સહમાલીક કબજેદારો સાથે સંયુકતનામે આવેલ હોવાનુ અને આ સંયુકત ખાતેદારો પૈકી પ્રતિવાદી નં.૧ થી ૭ નાએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી પ્રતિવાદી નં ૮ને વેચાણ આપેલ, જે વેચાણ અંગેની હકકપત્રક નં.૨૦૫૫ દાખલ થતા તે નોધ સામે સહખાતેદારશ્રી <u>પટેલ જયંતિભાઇ પરસોતમભાઇ</u> દ્વારા વાધો લેતા મામલદાર શ્રી ગાંધીનગરના તકરારી કેસ નં. ૫૧૩/૦૮ મા થયેલ હુકમ મુજબ વિવાદીત જમીનનના તમામ સંયુકત ખાતેદારો દ્વારા વેચાણ થયેલ ન હોવાથી અને તેમજ ટુકડાધારાનો બાધ હોવાથી નોધ રદ કરેલ હોવાનુ સ્પષ્ટપણે રજુ થયેલ છે. દાવાવાળી મિલકત તે પ્રતિવાદી નં.૧ થી ૭ નાઓ અન્ય સહખાતેદારો સાથે સંયુકત નામે ચાલે છે જેમા પ્રતિવાદી નં.૧ થી ૭ નો કોઇ હિસ્સો નકકી થયેલ નથી કે તેવુ કોઇ વિભાજન થયેલ નથી ત્યારે તેવી દાવાવાળી મિલકત તે પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓની સંપુર્ણ માલીકી હોવાનુ માની શકાય નહી અને તે રીતે દાવાવાળી મિલકતમાં પ્રતિવાદી નં.૧ થી ૩ નુ અધુરુ (ઇમપરફેટ ટાઇટલ) હોવાનુ સ્પષ્ટ થાય છે. પ્રતિવાદી નં.૧ થી ૩ તે દાવાવાળી મિલકત વેચાણ આપવા હકકદાર ન બનતા હોય ત્યારે તેઓએ કરી આપેલ દાવાવાળી મિલકતનુ બાનાખત કરારનુ પાલન શકય નથી તેવુ આ અદાલતનુ માનવુ છે. આમ મુદા નં.૨ નો નિર્ણય નકારમાં ઠરાવામા આવે છે.

<u>મુદ્દા નંબર–૩ની ચર્ચા</u>

(૧૮) મુદા નં.૩ મુજબ પ્રતિવાદી નં.૧ થી ૭ નાએ પ્રતિવાદી નં.૮ નાને કરી આપેલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૧૧૯૦૦ તારીખ ૦૮/૦૭/૨૦૦૮ નુ ગેરકાયદેસરનુ હોવાનુ સાબીતીનો બોજો વાદીપક્ષ રહેલ છે. વાદીની દાવા અરજીના કથનો મુજબ પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ દાવાવાળી જમીનનું વાદીને આંક–૧૦૭ વાળુ બાનાખત કરી આપ્યા બાદ પ્રતિવાદીઓએ એકબીજા સાથે મેળાપીપણુ કરી પ્રતિવાદી નં.૧ થી ૭ નાએ દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૮ ગાંધીનગર સબરજીસ્ટાર ના રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં ૧૧૯૦૦ થી તારીખ ૪/૭/૨૦૦૮ ના

રોજના વેચાણ કરી આપેલ છે જેથી તકરારી વેચાણ દસ્તાવેજ બાનાખત આધારે વાદીના દાવાવાળી જમીનના હકકોને નુકશાન કરનારુ હોય તકરારી વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસરનું છે. વાદીપક્ષે વેચાણ દસ્તાવેજની પ્રમાણીત નકલ આંક-૧૧૮ થી રજુ કરેલ છે જે ધ્યાને લેતા તે વેચાણના પક્ષકારો તે પ્રતિવાદી નં.૧ થી ૮ છે સદરહુ વેચાણ દસ્તાવેજ તે કાયદા મુજબ નોધાયેલ છે અને તે હાલમાં પણ અસ્તિત્વમાં છે અને તેના પક્ષકારોએ તેવા નોધાયેલ વેચાણ સામે આજદિન સુધી કોઇ તકરાર લીધેલ નથી. હાલના દાવાના પ્રતિવાદી નં.૧ નાઓ તેમના લેખિત જવાબ તથા મૌખિક પુરાવામાં તેવુ વેચાણ દસ્તાવેજ કરી આપ્યાનો ઇન્કાર કરેલ છે પરંતુ તેવા નોધાયેલ વેચાણ દસ્તાવેજ ખોટો હોવાનુ કે તેમા તેઓની સહી નહી હોવા અંગેની કોઇ તકરાર લીધેલ નથી કે તેઓએ તેવા દસ્તાવેજને આજદિન સુધી રદ કરાવવા કોઇ કાર્યવાહી કરેલ નથી ત્યારે પ્રતિવાદી નં.૧ કે જે નોધાયેલ દસ્તાવેજના એક પક્ષકાર છે તેના મૌખિક કથનોથી તેવો નોધાયેલ વેચાણ દસ્તાવેજ ગેરકાયેદસનો હોવાનુ માની શકાય નહી. મુદા નં.૨ ની ચર્ચા મુજબ પ્રતિવાદી નં.૧ થી ૩ ના અપુરતા ટાઇટલના કારણે દાવાવાળી મિલકતના બાનાખતનુ વાદી વિશિષ્ટ પાલન કરાવી શકે તેમ નહી હોવાનુ સાબીત થયેલ છે ત્યારે તેવા બાનાખતથી વાદીના દાવાવાળી મિલકતમાં હકકો ઉપસ્થીત થયેલ હોવાનુ માનવા યોગ્ય નથી અને તે રીતે વેચાણ દસ્તાવેજ કે જે બાનાખત બાદ થયેલ છે છતા તે વાદીના હકકોને નુકશાન કરનારુ હોવાનુ માની શકાય નહી અને તે રીતે તે વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસનુ હોવાની વાદીપક્ષની દલીલ સાથે અદાલત સંમત નથી. આમ મુદા નં.૩ નો નિર્ણય નકારમાં ઠરાવામા આવે છે.

<u>મુદ્દા નંબર-૪ ની ચર્ચા</u>

(૧૯) મુદા નં.૪ મુજબ વાદીએ છેતરીડીથી પ્રતિવાદી નં.૨,૩ ની સહી બાનાખતમાં લીધેલ હોવાનુ સાબીતીનો બોજો પ્રતિવાદી નં.૨,૩ ઉપર રહેલ છે. પ્રતિવાદી નં.૨,૩ પક્ષે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી તેમજ વાદી પક્ષે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો પણ બીન તકરારી રજુ થયેલ છે. આમ પ્રતિવાદીપક્ષે પુરાવાના અભાવે મુદા નં.૪ સાબીત કરવામાં નિષ્ફર રહેલ છે તેવુ આ અદાલતનુ માનવુ છે જેથી મુદા નં.૪ લગત અદાલતનો નિર્ણય નકારમાં ઠરાવવામા આવે છે.

<u>મુદ્દા નંબર-૫ ની ચર્ચા</u>

Judgment

(૨૦) મુદા નં.૫ મુજબ વાદીએ દાવા અરજમાં માંગેલ દાદ મેળવવા હકકદાર છે કે કેમ તે નકકી કરવાનુ છે વાદીએ દાવા અરજીમાં બાનાખતના પાલનની અને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસરનો ઠરાવવા અંગેની દાદ માંગેલ છે મુદા નં. ૨ અને ૩ ની ચર્ચા તથા નિર્ણય મુજબ વાદી ઉપરોકત બંને દાદ મેળવવા હકકદાર નથી અને આમ જયારે વાદી મુખ્ય દાદ મેળવવા હકકદાર ન હોય તો તેવી મુખ્ય દાદની આનુસંગીક દાદ મેળવવા પણ વાદી હકકદાર બનતા નથી તેવુ આ અદાલતનુ માનવુ છે. આમ મુદા નંબર–૫ નો નિર્ણય નકારમાં ઠરાવવામા આવે છે.

(૨૧) મુદ્ધા નંબર–૬ સંદર્ભે આખરી હુકમ નિચે મુજબ છે.

<u>હુકમ</u>

(૧) આથી વાદીનો દાવો નામંજુર યાને રદ કરવામાં આવે છે.

(૨) વાદીને થયેલ દાવાનો ખર્ચ વાદીએ જાતે ભોગવવો તેમજ પ્રતિવાદીઓનો ખર્ચ વાદીએ ભોગવવો.

(૩) હુકમ મુજબનું હુકમનામું તૈયાર કરવું

હુકમ આજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૯ ને સોમવારના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૩૦/૦૯/૨૦૧૯ **(કૌશિકકુમાર દેસાઇભાઇ પટેલ)**
ગાંધીનગર ૭માં એડીસનલ સીનીયર સીવીલ જજ,ગાંધીનગર
કોડ નંબર–GJ01093